# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 20-04-2025 Day: Sunday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **જાગૃતિ વકીલ** વાંચે છે.

---

## પીએમ: સાઉદી અરેબિયા મુલાકાતે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી મંગળવારે સાઉદી અરેબિયાની બે દિવસીય સત્તાવાર મુલાકાતે જશે. સાઉદી અરેબિયાના ક્રાઉન પ્રિન્સ અને પ્રધાનમંત્રી પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનના આમંત્રણ પર શ્રી મોદી સાઉદી અરેબિયા જવાના છે.

નવી દિલ્હીમાં પત્રકારોને સંબોધતા વિદેશ સચિવ વિક્રમ મિસરીએ જણાવ્યું હતું કે, સાઉદી અરેબિયા ભારતનો વ્યૂહાત્મક ભાગીદાર દેશ હોવાથી પ્રધાનમંત્રીની આ મુલાકાત આગવું મહત્વ ધારણ કરે છે.સાઉદી અરેબિયા મુસ્લિમ દેશોમાં અગ્રણી દેશ છે. અને મધ્ય પૂર્વનાં ક્ષેત્રનાં વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ દ્રષ્ટિએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સાઉદીની મુલાકાતમાં સાઉદી અરેબિયા ઉપરાંત આ ક્ષેત્રનાં અન્ય દેશો સાથેનાં સંબંધો મજબૂત બનાવવામાં મદદરૂપ થશે..

----------------------------------------------------------------------------------------

## પીએમ: મુલ્કી સેવા દિવસ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં 17મા મુલ્કી સેવા દિવસ નિમિત્તે સોમવાર 21મી એપ્રિલે યોજનાર ખાસ સમારંભમાં મુલ્કી સેવાનાં અધિકારીઓ-કર્મચારીઓને સંબોધશે.

આ પ્રસંગે પ્રધાનમંત્રીનાં હસ્તે જાહેર વહીવટી તંત્રમાં શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારીઓને પુરસ્કાર અપાશે. આ કાર્યક્રમમાં જિલ્લાનાં સર્વગ્રાહી વિકાસ, આંકાક્ષાવાળા ઘટકોના કાર્યક્રમ જેવા વિવિધ ક્ષેત્રોમાં શ્રેષ્ઠ કામગીરી માટે પુરસ્કારો અપાશે.

---

## ગુજરાત : ઇલેકટ્રીક વાહનોમાં નવો દર

ગુજરાત સરકારે ઇલેક્ટ્રીક વાહનો પરના ઉચ્ચક વાહન વેરાનો દર 6 ટકાથી ઘટાડીને માત્ર એક ટકા કરવાની જાહેરાત કરી છે. નવો વાહન વેરા દર આગામી 31 માર્ચ, 2026 સુધી અમલમાં રહેશે. જે દરમિયાન, સંપૂર્ણપણે ઇલેક્ટ્રિક વાહનો પર નાગરિકોને વેરામાં 5 ટકા રાહત અપાશે.

તેવી જ રીતે મેક્સી શ્રેણીમાં પ્રવાસી વાહનની ક્ષમતા મુજબ હાલમાં અમલી 8 ટકા તથા 12 ટકાના દરને પણ ઘટાડીને 6 ટકા કરવામાં આવ્યો છે. નાગરિકો હવે વાહન પોર્ટલ દ્વારા તેમના ઇલેક્ટ્રિક વાહનોની ઓનલાઈન નોંધણી કરાવીને વેરા રાહતનો લાભ મેળવી શકે છે.

---

## જીપીએસસી વર્ગ 1-2 પરીક્ષા

ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (GPSC) દ્વારા આજે 21 જિલ્લાના 405 કેન્દ્રો પર વર્ગ-1 અને વર્ગ-2ની જગ્યા માટે પરીક્ષા યોજાશે. 21 જિલ્લાઓમાં 97 હજાર ઉમેદવારો પરીક્ષા આપવાના હોય તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ આપી દેવાયો છે. આજે બપોરે 12 થી 3 વાગ્યા દરમિયાન પ્રાથમિક કસોટી યોજાશે. અત્યાર સુધી પરીક્ષા કેન્દ્રોમાં પેપર શરૂ થવાના 30 મિનિટ પહેલા પ્રવેશ અપાતો હતો, તેના બદલે હવે પોણા બે કલાક વહેલો પ્રવેશ અપાશે. આજે પરીક્ષા આપી રહેલા ઉમેદવારોને હોલ ટિકિટમાં આપવામાં આવેલી સૂચનાનું વાંચન કરી લેવા માટે ચેરમેન દ્વારા ખાસ અપીલ કરવામાં આવી છે.રાજ્યના 21 જિલ્લાઓમાં આકરી ગરમીની વચ્ચે પરીક્ષા આપવા આવી રહેલા ઉમેદવારોને કોઈ તકલીફ ન પડે તેની પણ તંત્ર દ્વારા તકેદારી લેવામાં આવી છે.

---

## ઇસ્ટર સન્ડે ઉજવણી

આજે ખ્રિસ્તી ભાઈ બહેનો ઇસ્ટર સન્ડેની ઉમંગ ઉલ્લાસભેર ઉજવણી કરી રહ્યાં છે. ગુડ ફ્રાઇ ડે ના ભગવાન ઇસુ ખ્રિસ્તને વધ સ્તંભ પર લટકાવી દેવાયા એ પછી ત્રીજા દિવસે તેમણે ભક્ત ને પુનઃ દર્શન આપ્યાં હતાં તેની સ્મૃતિમાં આજે ઇસ્ટર સન્ડેની ઉજવણી થાય છે. આજે દેવળો માં વિશેષ પ્રાર્થના કરવામાં આવે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતમાં વસતા ખ્રિસ્તી સમુદાયને ઈસ્ટર પર્વ પ્રસંગે શુભેચ્છાઓ પાઠવી છે.

રાષ્ટ્રપતિએ તેમનાં સંદેશામાં જણાવ્યું છે કે, પ્રભુ ઈસુનાં ક્ષમા, અને નિરપેક્ષ સેવાનાં સંદેશા સમગ્ર માનવજાતિને સત્ય, ન્યાય અને કરુણાનાં પથ પર આગળ વધાવાની પ્રેરણા આપે છે.

---------------------------------------------------------------------------------------

## પ્રભારીમંત્રી: સંકલનસહ સમિતિ બેઠક

**પ્રભારીમં પ્રફુલ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને ગઇકાલે ભુજ કલેકટર કચેરી ખાતે સંકલન સહ ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ હતી. બેઠકમાં ધારાસભ્યોશ્રીના પ્રશ્નો સાંભળવા સાથે વિવિધ વિભાગની કામગીરીની પ્રભારીમંત્રીશ્રીએ સમીક્ષા કરી હતી. કચ્છમાં ભુકંપ સંલગ્ન રજૂ થયેલા તમામ વણઉકેલાયેલા પ્રશ્નોના ઉકેલ માટે રાજય સરકાર કટિબધ્ધ હોવાનું જણાવ્યું હતું. બેઠકમાં ધારાસભ્યોએ મનરેગા, નર્મદા કેનાલને લગતા પ્રશ્નો, ગૌચર, બિસ્માર રોડ, તળાવ સુધારણા, બિસ્માર શાળાના મકાન, શાળામાં નવા ઓરડાની જરૂરીયાત, દબાણ, ભુજ બાયપાસ રોડ, ટોલ પ્લાઝા, અંજાર બાયપાસ, ખનીજચોરી સહિતના પ્રશ્નોની રજૂઆત કરી હતી. બેઠકમાં રજૂ કરાયેલા પ્રશ્નો મુદે પ્રભારીમંત્રીશ્રીએ તમામ સંલગ્ન વિભાગના અધિકારીશ્રીઓ પાસેથી જરૂરી વિગતો જાણીને તત્કાલ ઉકેલની દિશામાં કામગીરી કરવા તાકીદ કરી હતી.**

---------------------------------------------------------------------------------------

## આઇપીએલ ટી-20 ક્રિકેટ

**IPL T**20 ક્રિકેટમાં ગુજરાત ટાઇટન્સે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં દિલ્હી કેપિટલ્સ સામે 7 વિકેટે વિજય મેળવ્યો. ગુજરાત ટાઇટન્સે 204 રનનો લક્ષ્યાંક 19.2 ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને સરળતાથી પ્રાપ્ત કરી લીધો હતો. ગુજરાત તરફથી જોસ બટલર સૌથી વધુ સ્કોરર રહ્યા, તેમણે 54 બોલમાં 97 રન બનાવી અણનમ રહ્યા. આ પહેલા પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી દિલ્હી કેપિટલ્સે નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટે 203 રન બનાવ્યા હતા. આ જીત સાથે, ગુજરાત ટાઇટન્સ પોઇન્ટ ટેબલમાં ટોચ પર પહોંચવામાં સફળ રહ્યું, જ્યારે દિલ્હી કેપિટલ્સ બીજા સ્થાને સરકી ગયું છે. દરમિયાન અન્ય એક મેચમાં, લખનૌ સુપર જાયન્ટ્સે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં રાજસ્થાન રોયલ્સને 2 રનથી હરાવ્યું..

---------------------------------------------------------------------------------------

## હવામાન

કચ્છના અનેક વિસ્તારોમાં સવારથી સરેરાશ 20 કિલો મીટરની ગતિએ વેગીલો વાયરો ફૂંકાતાં ગરમી ઘટી હતી પણ સમયાંતરે ઉડેલી ધૂળની ડમરીના કારણે લોકો તેમજ વાહન ચાલકોને હાલાકી વેઠવી પડી હતી. છ દિવસ સુધી રાજ્યમાં સર્વાધિક ગરમ રહેલા કંડલા એરપોર્ટ મથકે પારો 3.5 ડિગ્રી જેટલો નીચે સરકતાં ગરમીમાં રાહત રહી હતી. જિલ્લા મથક ભુજ ખાતે ઊંચું ઉષ્ણતામાન 38.4 ડિગ્રી નોંધાયું હતું.

---------------------------------------------------------------------------------------